# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે પ્રાચીન બંદર લોથલમાં નિર્માણ થનારું નેશનલ મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમ 'વિકાસ ભી, વિરાસત ભી'નું દિશા દર્શન કરશે.
2. અમદાવાદમાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ૫૬ પાકિસ્તાની લઘુમતી નાગરિકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત
3. મોટા પ્રમાણમાં ભેળસેળ વાળું પનીર પકડી પાડતું બનાસકાંઠા જીલ્લાનું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર"
4. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના બીજી ટર્મના કાર્યકાળને આવતીકાલે બે વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજ્યમાં વિવિધ કાર્યક્રમનું આયોજન
5. પ્રસિદ્ધ ગાયક અને સંગીતકાર પદ્મશ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાયનું અવસાન

---------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM MERYTIME CONCLAVE

પુરાતન બંદરગાહ લોથલમાં નિર્માણ થનારું રાષ્ટ્રીય મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમ 'વિકાસ ભી, વિરાસત ભી'નું દિશા દર્શન કરશે, તેમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે નવી દિલ્હી ખાતે જણાવ્યું હતું.

નવી દિલ્હીમાં ઈન્ડિયન મેરિટાઈમ હેરિટેજ કોન્કલેવ-2024ના ઉદઘાટન સત્રમાં  સંબોધન કરતાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગુજરાતે બંદર આધારિત વિકાસ દ્વારા દેશમાં સૌથી વધુ ૩૮ ટકા કાર્ગો પરિવહન કર્યું છે. ઉપરાષ્ટ્પતિ દ્વારા ઉદઘાટન કર્યા બાદ મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે 2047 સુધીમાં વિકસિત ભારત સંકલ્પને સાકાર કરવામાં દરિયાઇ ક્ષેત્રની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે.

(બાઇટ– ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં બાદ મુખ્યમંત્રીએ નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત કરી હતી..

--------------

## AHD NAGRIKTA PRAMANPATR

અમદાવાદ ખાતે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ૫૬ પાકિસ્તાની લઘુમતી નાગરિકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં.

અમદાવાદમાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૪ દરમિયાન કુલ એક હજાર ૨૨૩ લોકોને નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આજે નાગરિકતા પ્રમાણપત્ર મેળવનારા લોકોના ચહેરા પર ખુશી અને વિશ્વાસની લાગણી છલકાઈ રહી છે. આજે પાકિસ્તાનમાંથી આવેલા ઘણા લઘુમતી પરિવારો સમાજમાં વિવિધ ક્ષેત્રે વિકાસ સાધી રહ્યા છે અને સમાજના ઉત્થાનમાં યોગદાન આપી રહ્યા છે. આવા પરિવારોને નવી ઓળખ આપવાનું કામ કેન્દ્ર અને રાજ્ય સરકારે કર્યું છે, તેમ પણ  તેમણે ઉમેર્યું હતું. પાકિસ્તાનથી ભારત આવીને વસેલા લઘુમતીઓને નાગરિકતા આપતો કાયદો લાવવા બદલ તેઓએ પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

--------------

## BANASKANTHA FOOD RAID

બનાસકાંઠાના છાપી ખાતે એક ખાનગી દૂધ ઉત્પાદન કંપનીમાં પનીર લુઝ, પામોલિન તેલ અને એસિટિક એસિડનો જથ્થો કરાયો સીઝ કરાયો છે. બનાસકાંઠાના ખૌરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ૯૧૫ કિલો જથ્થો જપ્ત કરીને જવાબદારો સામે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ હતી..

જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આલીયા મિલ્ક પ્રોડક્ટ પેઢીમાંથી પનીર લુઝનો ૬૯૪ કિલોગ્રામનો જથ્થો જપ્ત કરાયો હતો, જેની કિંમત ૧ લાખ ૬૬ હજાર રૂપિયા છે. આ સિવાય ૧૫ હજાર ૪૦૩ રૂપિયાનો ૧૦૩ કિલોગ્રામ

પામોલિન તેલનો જથ્થો તથા ૧૨ હજાર ૪૦૮ રૂપિયાનો ૧૧૮ કિલોગ્રામ એસિટિક એસિડનો જથ્થો જપ્ત કરાયો હતો.

--------------

## CM TWO YEARS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના બીજી ટર્મના કાર્યકાળને આવતીકાલે બે વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે. વર્ષ 2022ની ૧૨મી ડિસેમ્બરના દિવસે ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારે રાજ્યનું બીજી વખત દાયિત્વ  સંભાળ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી સરકાર ત્રીજા વર્ષમાં પદાર્પણ કરશે, ત્યારે જ્ઞાન આધારિત વિકાસ ઉત્સવની આવતીકાલે ઉજવણી કરાશે. જેની શરૂઆત મુખ્યમંત્રી અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નરોડામાં શ્રમિક સુવિધા કેન્દ્રના લોકાર્પણ દ્વારા ગરીબ ઉત્થાન કાર્યક્રમથી કરશે. આ ઉપરાંત આવતીકાલે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે વિભાગોમાં પસંદગી પામેલા ૫૮૦ યુવાનોને નિમણૂંક પત્રો એનાયત કરશે.

રાજ્યના ખેડૂત ઉત્પાદક સંગઠનો FPOના સદસ્યો સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાને સંવાદ યોજાશે..  સાંજે  અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ૩00 જેટલી મહિલા સ્ટાર્ટઅપ્સ અને ઇનોવેટર્સ સાથે આઈ-હબ ખાતે યોજનારા એક કાર્યક્રમમાં વાર્તાલાપ કરશે.

--------------

## Ahmedabad Railway Station Redevelopment

અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસનું કામ આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ થઈ જશે. અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા અમદાવાદ રેલવે ડિવિઝનના ડિવિઝનલ મેનેજર સુધીર કુમાર શર્માએ કહ્યું કે, સ્ટેશનના પુનર્વિકાસની કામગીરીના ભાગરૂપે હાલ સ્ટેશન પરિસરમાં આવતી 40 ઓફિસ બિલ્ડીંગને શિફ્ટ કરી દેવામાં આવી છે. પ્રથમ તબક્કામાં મલ્ટીલેવલ પાર્કિંગ, એલિવેટેડ રોડ, અને મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબના નિર્માણ માટેની કામગીરી નિયત સમય પત્રક પ્રમાણે ચાલી રહી છે. અંદાજે 2 હજાર 383 કરોડ રૂપિયાના ખર્ચે સ્ટેશનનો પુનર્વિકાસ થશે.

(બાઇટ- સુધીર કુમાર શર્મા)

ઉલ્લેખનીય છે કે, નવા સ્ટેશનની અંદર પ્રવાસીઓ માટે 31 લિફ્ટ, 10 માલસામાન માટેની લિફ્ટ અને 50 જેટલા એસકેલેટર હશે.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

# Hackathon

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી અને ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના AICTE દ્વારા આયોજિત સ્માર્ટ ઈન્ડિયા હેકાથોન 2024 – સોફ્ટવેર એડિશનની ઉજવણી કરાઇ હતી. આ પ્રસંગે ઉપસ્થિતિ વિવિધ ક્ષેત્રના તજજ્ઞોએ હેકાથોનને સર્જનાત્મકતા, ટીમવર્ક અને ટેક્નોલોજી સાથે સમકાલીન પડકારોનું ઉકેલ લાવનારા જીવંત મંચ તરીકે વર્ણવ્યો હતો..

--------------

# DIRECT FLIGHT

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી ત્રિવેન્દ્રમ, કોચીન,S ગુવાહાટી અને કોલકાત્તાની સીધી ફ્લાઈટનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

SVPI અમદાવાદ એરપોર્ટથી ઇન્ડિગો એરલાઇન્સ દ્વારા વધુ ચાર નવી ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. અમદાવાદથી ત્રિવેન્દ્રમ, કોચીન ગુવાહાટી અને કોલકાત્તાની સીધી ફ્લાઈટ દ્વારા દક્ષિણ ભારત પૂર્વ ભારત અને ઉત્તર-પૂર્વ ભારતના લોકપ્રિય સ્થળોની મુલાકાત લઈ શકાશે. મંગળવારથી આ ત્રણેય પ્રવાસન સ્થળની મુસાફરી કરવા ઈચ્છતા લોકોને ડાયરેક્ટ ફ્લાઈટ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

--------------

# ARVALI KHATAR MANG

અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિતની કેટલીક જગ્યાએ ખાતરનો જથ્થો પહોંચતા, ખેડૂતોને રાહત મળી છે. કોઈ ખેડૂત ખાતરથી વંચિત રહી ન જાય તે માટે ટોકન આપીને ખાતર વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.. યુરિયા ખાતર લેવા માટે મોટી સંખ્યામાં ખેડૂતો કેન્દ્ર પર પહોંચ્યા હતા. અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણે વધુ માહિતી આપી.

(Audio : અંકિત ચૌહાણ, પીટીસી, અરવલ્લી)

--------------

# PURUSHOTTAM UPADHYAY PASSEDAWAY

જાણીતા ગુજરાતી ગાયક અને સંગીતકાર પુરૂષોત્તમ ઉપાધ્યાયનું આજે 90 વર્ષની ઉંમરે અવસાન થયું છે. જેનાથી સંગીતની દુનિયામાં શોકની લાગણી છવાઇ ગઇ છે.

અમે આપને યાદ અપાવીએ કે વર્ષ 2017માં તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુજરાતી ફિલ્મી અને નોન ફિલ્મી ગીતો અને ગઝલો ગાઇને તેમણે એક આગવી ઓળખ ઉભી કરી હતી.  કહું છું જવાનીને પાછી વળી જા..... ,  તો મને પાનખરની બીક ના બતાવો.... જેવા અનેક પ્રચલિત ગીતો તેમના ગાયા હતા.

--------------

## SAVE VS HOSPITAL ANDOLAN

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત વાડીલાલ સારાભાઈ હોસ્પિટલને ફરીથી શરૂ કરવાને લઈ વિરોધ પક્ષ કોંગ્રેસ દ્વારા આજે ટાઉનહોલ બહાર આંદોલન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓએ ગુલાબના ફુલ અને પ્લેકાર્ડ સાથે GET WELL SOON તેમજ SAVE VS હોસ્પિટલના બેનર સાથે આંદોલન કર્યું હતું.. કોંગ્રેસે હોસ્પિટલનું નવીનીકરણ કરી સુપર સ્પેશીયાલીટીની સગવડ સાથે શરૂ કરવા માંગ કરી હતી.

--------------

## YOG BOARD

રાજ્ય યોગ બોર્ડ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ આ શિબિરમાં જણાવ્યું હતું કે, સ્વસ્થ શરીર અને સુખી જીવન માટે પ્રાકૃતિક આહાર શ્રેષ્ઠ વિકલ્પ છે. રસાયણોના ઉપયોગ વગર માત્ર ગાય આધારિત ખેતીથી પકવેલા અનાજ, શાકભાજી અને ફળ ગુજરાતના દરેક ગામડાઓ સુધી પહોંચાડવા એ જ રાજ્ય સરકારનો મુખ્ય નિર્ધાર છે. આ નિર્ધારને પરિપૂર્ણ કરવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડે એક વિશેષ અભિયાન હાથ ધર્યું છે. યોગ બોર્ડ સાથે જોડાયેલા દરેક યોગ સાધકો યોગની સાથે પ્રાકૃતિક આહાર અંગે પણ નાગરિકોમાં જાગૃતિ લાવવાનું પ્રેરક કામ કરશે.

તમે સ્વસ્થ હશો તો દેશ સ્વસ્થ બનશે અને સ્વસ્થ દેશ થકી જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું “વિકસિત ભારત @ ૨૦૪૭”નું સ્વપ્ન સાકાર થશે.

--------------

## BOARD EXAM – BEST OF TWO

રાજ્ય સરકારે વિદ્યાર્થીઓનો શાળા છોડી જવાનો દર ઘટાડવા બેસ્ટ  ઓફ ટુ એક્ઝામની નવી પહેલ શરૂ કરી છે. રાજ્યના ધો.-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વર્ષ -૨૦૨૪માં નાપાસ થયેલા વધુમાં વધુ વિદ્યાર્થીઓને આ નવતર પહેલનો લાભ મળશે..

જેમાં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના નાપાસ અથવા ઓછા ગુણ પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી, મુખ્ય અથવા પૂરક પરીક્ષા તે બે માંથી જે પરિણામ શ્રેષ્ઠ હશે, તેનું પ્રમાણપત્ર આપવામાં આવશે. વર્ષ-૨૦૨૪માં રાજ્યના ધોરણ-૧૦માં નાપાસ થયેલા અંદાજિત કુલ ૧ લાખ ૨૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૨માં વિજ્ઞાન પ્રવાહના ૨૬ હજારથી વધુ તેમજ સામાન્ય પ્રવાહના ૫૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ મળીને કુલ ૨ લાખ ૧૧ હજારથી વધુ નાપાસ વિદ્યાર્થીઓને આ પહેલનો લાભ મળશે.

--------------

## RAKTPITT NIRMOOLAN KAARYAKRAM

રાજ્યભરમાં આવતીકાલથી 21 ડિસેમ્બર સુધી 'રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ' યોજાશે. નાગરિકોમાં રક્તપિત્ત રોગ અંગે વધુ જાગૃતિ આવે  અને તેની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે રાજ્યના ૨૧ જિલ્લાના નિયત ૧૬૪

તાલુકાઓ તથા ૬ કોર્પોરેશનમાં આ કાર્યક્રમ ચલાવવામાં આવશે, તેમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ કાર્યક્રમ હેઠળ છેલ્લા 5 વર્ષમાં સૌથી વધુ રક્તપિત્તના કેસ નોંધાયા હોય તેવા વિસ્તારમાં આશા અને પુરુષ વોલેન્ટીયર્સની ટીમ દ્વારા લોકોના ઘરે ઘરે જઈને રકતપિત્ત અંગે સમજ આપી તમામ સભ્યોની તપાસ કરાશે. જે વ્યક્તિને રક્તપિત્તના શંકાસ્પદ ચિન્હો જણાશે, તેને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ પર નિદાન અને સારવાર માટે મોકલી આપવામાં આવશે.

--------------

## B.BABRIYA – YASHODA AWARD

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુ બાબરીયાની અધ્યક્ષતામાં અમદાવાદ સાયન્સ સિટી ખાતે ઝોન કક્ષાનો 'ભૂલકા મેળો' 2024 યોજાઇ ગયો.

શ્રીમતી બાબરીયાએ વિવિધ આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો અને મુખ્ય સેવિકા બહેનોને વર્ષ 2021-2022ના 'માતા યશોદા એવોર્ડ' એનાયત કર્યા હતા. આ ભૂલકા મેળામાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંબંધિત બાળ ઉપયોગી પ્રદર્શનનું આયોજન કરાયું હતું.

શ્રીમતી બાબરીયાએ જણાવ્યું કે, ભૂલકાઓ માટે આ મેળો એક વિશેષ આનંદ આપનારો છે. બાળકોના બૌદ્ધિક વિકાસ અને સામાજિક વિકાસ માટે આવા ભૂલકા મેળા જરૂરી છે. રાજ્ય સરકાર આવા ભૂલકા મેળાનું આયોજન કરી બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે. ભૂલકા મેળામાં પા પા પગલી અંતર્ગત થયેલા વિવિધ સ્ટોલ નિદર્શનની તેમણે પ્રશંસા કરી હતી.

--------------

## PANCHMAHAL-PADVIDAN SAMAROH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં પંચમહાલના ગોધરા ખાતે આવેલ ગોવિંદ ગુરુ યુનિવર્સિટી નો છઠ્ઠો પદવીદાન સમારોહ યોજાઇ ગયો, જેમાં વિવિધ વિદ્યાશાખાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ ૪૭ તેજસ્વી વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકો અને પદવીઓ તથા ૭૦ પીએચડી ના વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજયપાલે વિદ્યાર્થીઓને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા યુવાનોને પ્રામાણિકતા, કર્તવ્યભાવ અને કર્મયોગ સાથે આગળ વધી દેશની પ્રગતિમાં સહભાગી બનવા જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે આજે તમે શૈક્ષણિક પરીક્ષા પાસ કરીને જીવનની અન્ય પરીક્ષાઓ તરફ પ્રયાણ કરવા જઈ રહ્યા છો, ત્યારે તમારાથી જોડાયેલી સૌની અપેક્ષાઓ પણ વધશે. તમે શિક્ષિત થયા છો તેનો મતલબ કે તમે જવાબદાર થયા છો.

--------------